# ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ–૧૪૪ અન્વયેનો હુકમ :–

નં.પીઓએલ(૧)/૬૧૭૨/૨૦૧૨
જિલ્લા મેજીસ્ટ્રેટ ખેડાની કચેરી,
આયોજન ભવન, નડિયાદ.
તા. ૩ /૯ /૨૦૧૨.

## જાહેરનામું ::–

હાલના ટેલીકોમ્યુનીકેશનના યુગમાં છેલ્લા એક દશકામાં આમુલ પરિવર્તન આવ્યા બાદ આજે મોબાઈલ ફોનનો ઉપયોગ છેવાડાના લોકો સુધી સામાન્ય બની ગયેલ છે. દેશમાં તથા રાજ્યમાં બનતાં ગુનાઓને આખરી અંજામ આપવા અસામાજિક અને દેશવિરોધી તત્વો મોબાઈલ ફોનનો ઉપયોગ કરતાં હોય છે. વધુંમાં તાજેતરમાં મોબાઈલ ફોનની ચોરીના બનાવો પણ છેલ્લા કેટલાક સમયથી વધી ગયેલ છે. આવા ગુનાઓના મુળ સુધી પહોંચવા તથા ચોરાયેલ મોબાઈલ ફોન પરત મેળવવા માટે મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરી ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્ન કરવામાં આવે છે. ઘણા પ્રસંગોમાં મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવ્યા બાદ જણાય છે કે, તે વ્યકિતએ કોઈ અજાણ્યા ઈસમ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. આમ મોબાઈલ ફોનના વપરાંશ કર્તા પાસે ચોકકસ માહિતીના અભાવના કારણે ગુનાના મુળ સુધી પહોંચી શકાતું નથી. પોલીસ અધિક્ષકશ્રી, ખેડા–નડિયાદની કચેરીએ તેઓના પત્ર ક્રમાંક :: એલઆઈબી/જાહેરનામું/૨૧૮૫/૨૦૧૧, તા.૨૨/૮/૨૦૧૨થી મોબાઈલ ફોન ખરીદ કરનાર /વેચાણ કરનાર દરેક વેપારીએ નોંધ રાખવા જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. મોબાઈલ ફોન ખરીદ /વેચાણ કરનાર દુકાનદાર ખરીદ/વેચાણ કરેલ મોબાઈલ ફોનની વિગતો રજિસ્ટરમાં નોંધે અને નિયમીત રીતે વ્યવસ્થિત ધોરણે નિભાવે તથા વિગતોની આપ–લે સક્ષમ સત્તાવાળાઓને પહોંચાડે  તે જાહેર સુરક્ષા અને સલામતીના હેતુસર જરૂરી, વાજબી અને ઈષ્ટ જણાય છે.

વાસ્તે, હું **એમ.વી.,પારગી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ–૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી હું હુકમ કરૂં છુ કે જુના/નવા મોબાઈલ ફોનના વેચનાર/ખરીદનાર દરેક વેપારીએ રજીસ્ટર નીભાવી તેમાં નીચેના કોલમોમાં મોબાઈલ ખરીદનાર/વેચનારની ઓળખની વિગતો નોંધવાની રહેશે, તેની ફરજિયાત જાળવણી કરવાની રહેશે તેમજ નીચે મુજબની સુચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે, તેમજ માંગણી થયેથી પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

– જુના મોબાઈલ ફોન ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

| અ.નં. | મોબાઈલની વિગત/કંપની | IMEI No. | મોબાઈલ વેચનાર/ ખરીદનારનું નામ સરનામાંની વિગત | આઈ ડી પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |

– જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

| અ.નં. | મોબાઈલની વિગત/કંપની | IMEI No. | મોબાઈલ વેચનાર/ ખરીદનારનું નામ સરનામાંની વિગત | આઈ ડી પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |

૧. ઉપર મુજબનું રજીસ્ટર જુના/નવા મોબાઈલ ફોન ખરીદનાર/ વેચાણ કરનાર દરેક દુકાનદારેનિભાવવાનું રહેશે અને તેની ફરજીયાત સાચવણી–જાળવણી કરવાની રહેશે.

૨. કોઈપણ દુકાનદારે કોઈપણ ઈસમ પાસેથી જુનો અથવા નવો મોબાઈલ ફોન લેતી વખતે કે તેને વેચાણ કરતી વખતે ઓળખ કાર્ડ કે ઓળખ પત્ર જેવા નકકર પુરાવા સિવાય કોઈપણ વ્યવહાર કરવો નહી.

**આ હુકમ તા. ૩/૯/૨૦૧૨ થી તા. ૧ / ૧૧/૨૦૧૨ (બંન્ને દિવસો સુધ્ધાંત) સુધી અમલમાં રહેશે.**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઈ, આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્રો તથા જિલ્લાના તમામ સિનેમા ગૃહો, વિડીયો ગૃહો તથા કેબલ ઓપરેટરો મારફતે બહોળી પ્રસિધ્ધિ ધ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો / પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ તથા પોલીસ અધિક્ષકશ્રી, ખેડા–નડિયાદની કચેરીના નોટીસ બોર્ડ ઉપર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીઓએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી, તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે તેમજ જિલ્લામાં આવેલ તમામ સાયબર કાફેના માલિકો / સંચાલકોને આ હુકમની લેખિત રીતે જાણ કરવાની રહેશે. આ હુકમની સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવી.

આજ તા. ૩ /૯ /૨૦૧૨ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

**(એમ.વી.પારગી)**
**જિલ્લા મેજિસ્ટ્રેટ**
**ખેડા–નડિયાદ**

**પ્રતિ,**
મેનેજરશ્રી, સરકારી મુદ્રણાલય, વડોદરા.
૨/– સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની દશ નકલો અત્રે મોકલી આપવા વિનંતી છે.

**નકલ સવિનય રવાના :**
(૧) નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશક (ઈન્ટે.), ગાંધીનગર.

**જય ભારત સહ નકલ રવાના :** નાયબ સચિવશ્રી, ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂં.

**જય ભારત સહ નકલ રવાના :** પોલીસ અધિક્ષકશ્રી, ખેડા–નડિયાદ.
૨/– આ જાહેરનામું જિલ્લામાં આવેલ તમામ પોલીસ સ્ટેશનોને તુરતજ મોકલી આપી, **આ જાહેરનામાની નકલો જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી, તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ ચોંટાડીને બહોળી પ્રસિધ્ધિ કરીને** અમલ કરાવેલ છે, તે અંગેનો રીપોર્ટ દિન–૫ માં અત્રે મોકલી આપવા વિનંતી છે.

**નકલ રવાના :**
(૧) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નડીઆદ / ખેડા / કપડવંજ / બાલાસિનોર તરફ જાણ તેમજ સદર જાહેરનામાનો તેઓના કાર્યક્ષેત્રના વિસ્તારોમાં યોગ્ય રીતે અમલવારી થયેલ છે કે કેમ ? તેની ખાત્રી કરી અત્રે રીપોર્ટ કરવા સારૂં.
(૨) નાયબ માહિતી નિયામકશ્રી, નડિયાદ
૨/– સદરહુ જાહેરનામું આઈટમ ઓફ ન્યુઝ તરીકે જિલ્લાના **અગ્રગણ્ય દૈનિકપત્રોમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરાવવા** તેમજ જે વર્તમાનપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ કરાવવામાં આવે તેનું કટીંગ અત્રે મોકલી આપવા સારૂં.
(૩) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, નડીઆદ / કપડવંજ તરફ અમલવારી કરાવવા સારૂં.
(૪) મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, નડિયાદ(શહેર) / નડિયાદ(ગ્રામ્ય) / કઠલાલ / કપડવંજ / ઠાસરા / બાલાસિનોર / વિરપુર / મહુધા / માતર / મહેમદાવાદ / ખેડા તરફ અમલવારી કરાવવા સારૂં.
(૫) મામલતદારશ્રી, મનોરંજન કર, ખેડા જિલ્લો, નડિયાદ
૨/– જિલ્લાના તમામ સિનેમા સંચાલકો / વિડીયો ગૃહ સંચાલકો તથા કેબલ ઓપરેટરો પાસે તેમના **કેબલ નેટવર્ક ઉપર આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ કરાવવા** તેમજ તે બાબતનો અત્રે રીપોર્ટ મોકલી આપવા સારૂં.
(૬) જિલ્લા સરકારી વકીલશ્રી, ઠે.ડીસ્ટ્રીકટ કોર્ટ કંપાઉન્ડ, નડીઆદ તરફ જાણ સારૂં.

(૭) પો.ઈ.શ્રી, નડિયાદ ટાઉન / બાલાસિનોર, પો.સ.ઈ.શ્રી નડિયાદ પશ્ચિમ / નડિયાદ રૂરલ / વસો / માતર / લીંબાસી / ચકલાસી / ડાકોર / કપડવંજ ટાઉન / કપડવંજ રૂરલ / આંતરસુંબા / કઠલાલ / મહુધા / મહેમદાવાદ / ખેડા ટાઉન / વિરપુર તરફ.

૨/– <u>આપના કાર્યક્ષેત્રના વિસ્તારમાં આવેલ તમામ મોબાઈલ ફોનના વિક્રેતાઓને</u> આ જાહેરનામાની <u>લેખિતમાં જાણ કરી,</u> આ જાહેરનામની નકલ મોકલી આપી, આ જાહેરનામામાં જણાવેલ વિગતોએ ચુસ્તપણે **<u>અમલવારી કરાવવા તેમજ અમલવારી કરાવેલ છે, ને મતબલનો રીપોર્ટ</u>** જરૂરી આધાર–પુરાવા સહ દિન–૫ માં **<u>આ કચેરીને</u>** તેમજ જિલ્લા પોલીસ વડાશ્રીને મોકલી આપવાનો રહેશે.